નિવૃત્તિ સમયે અને નિવૃત્તિ બાદ અવસાન
પામતા કર્મચારીઓને મળવાપાત્ર લેણી
અને રકમની ચૂકવણી માટે નિયુક્તિ ફોર્મ
ભરવા અંગે

ગુજરાત સરકાર
નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
ક્રમાંક:પરચ/૧૧૨૦૧૯/ ૪૯૭/ફ-૧
તા:
- 4 DEC 2019

વંચાણે લીધા:
(૧)નાણાં વિભાગના તા: ૨૩/૦૬/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક: ડીપીપી-૧૦૯૯-૪૯૬-૯૪૫(૪)-૫

પરિપત્ર:

નાણા વિભાગના વંચાણે લીધેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર કર્મચારીના ચાલુ નોકરીમાં (નિવૃત્તિ પહેલા) અથવા નિવૃત્તિ બાદ અવસાન થતા નીચે દર્શાવેલ પ્રકારની લેણી અને ચૂકવવાપાત્ર થતી રકમની ચૂકવણી માટે નિયુક્તિ ફોર્મ ભરવુ જરૂરી છે.

(૧) સામાન્ય ભવિષ્યનિધિના ખાતામાં જમા રકમ

(૨) ગ્રેજ્યુઈટી-મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી-રૂપાંતર પેન્શનની રકમ

(3) જૂથા વીમા યોજના હેઠળ ચૂકવવાની થતી વીમાની રકમ

(૪) નિવૃત્તિ પછીના અવસાન સમયે લેણી પેન્શન, ગ્રેજ્યુઈટી-મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની રકમ

(૫) અવસાન સમયે લેણા અને ચૂકવવાપાત્ર થતા પગાર અને ભથ્થાની રકમ

ઉક્ત લેણી અને ચૂકવવાપાત્ર થતી રકમની વારસદારોને ચૂકવણી કરવા માટે સંદર્ભમાં દર્શાવેલ નાણાં વિભાગના ઠરાવથી જોગવાઈઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અનુસાર વિભાગમાં ફરજ બજાવતા કેટલાક અધિકારી/કર્મચારીઓ જેઓનું નિયુક્તિ ફોર્મ ભરવાનું બાકી હોય તેમ ધ્યાન પર આવેલ છે જેથી વિભાગ હસ્તક ફરજ બજાવતા જે કર્મચારી/અધિકારીઓના નિયુક્તિ ફોર્મ ભરવાના બાકી છે તેઓએ નાણા વિભાગના વંચાણે લીધેલ ઠરાવની તમામ જોગવાઈઓ ધ્યાને લઈ નિયુક્તિ ફોર્મ નિયત નમૂનામાં ભરી સત્વરે કચેરીના વડાને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. નિયુક્તિના દરેક ફોર્મનું પૃ.૨ એક જ કાગળ ઉપર પૃ.૧ના પાછળના ભાગે છાપવામાં આવે તેનુ ધ્યાન સંબંધિતોએ રાખવાનુ રહેશે. ઉપરાંત

વંચાણે લીધેલ નાણા વિભાગના ઠરાવની નિયમ ૪(૫) અને નિયમ ૪(૬) ની જોગવાઈ અનુસાર જે અધિકારી/કર્મચારી અગાઉ કરેલ નિયુક્તિ રદ કરીને નવી નિયુક્તિ કરવા ઈચ્છતા હોય તેઓએ પણ તેમનું નિયુક્તિ ફોર્મ નિયત નમૂનામાં સત્વરે કચેરીના વડાને મોકલી આપવાનું રહેશે.

(એલ.વી.ઠાકોર)

ઉપસચિવ

નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી(પા.પુ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી(જ.સં)ના રહસ્ય સચિવશ્રી, નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખાસ સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સચિવાલય,ગાંધીનગર
- સર્વે મુખ્ય ઈજનેરશ્રી, નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે નાયબ સચિવશ્રી, નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે ઉપસચિવશ્રી, નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સર્વે સેકશન અધિકારીશ્રી, નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ